Global Alliance For Mass Entrepreneurship

25+ YEARS 1995-2020 FISME FEDERATION OF INDIAN MICRO AND SMALL & MEDIUM ENTERPRISES

# ગ્લોબલ એલાયન્સ ફોર માસ એન્ટરપ્રેન્યોરશીપ અને ફેડરેશન ઓફ ઈન્ડિયન માઈક્રો એન્ડ સ્મોલ, મીડિયમ એન્ટરપ્રાઈઝ (ફિસમ) ઈન્ક પાર્ટનરશીપ ભારતમાં **MSMES** ને સમર્થન આપવા માટે

નેશનલ 06.11.2023: ગ્લોબલ એલાયન્સ ફોર માસ આંત્રપ્રિન્યોરશિપ (ગેમ) અને ફેડરેશન ઓફ ઈન્ડિયન માઈક્રો એન્ડ સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈસીસે આજે મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. જેમાં બંને પક્ષોએ એમએસએમઈની સુધારણા માટે વિશિષ્ટ પહેલ, હસ્તક્ષેપ અને કાર્યક્રમો પર સાથે મળીને કામ કરવા માટે એમઓયુ કર્યા છે. આ સાથે વિલંબિત ચુકવણીઓ તેમજ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ, સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ અને આર્બિટ્રેશન અને ફરિયાદ નિવારણ સલાહકાર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

આ અંગે વાત કરતા ગ્લોબલ એલાયન્સ ફોર માસ આંત્રપ્રિન્યોરશિપના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી કેતુલ આચાર્યે કહ્યું કે, "દેશમાં એમએસએમઇનું પ્રતિનિધિત્વ કરતી મુખ્ય સંસ્થાના રૂપમાં *FISME* એ *MSME* માટે વિકાસ અને સફળતા માટે અનુકૂળ ઇકોસિસ્ટમ બનાવવામાં મદદ કરવા માટે આદર્શ રીતે અનુકૂળ છે. એસોસિએશને ઘણી પ્રવૃત્તિઓ અને પહેલો હાથ ધરી છે, જેના કારણે એમએસએમઇને ખુબ મદદ મળી છે. *GAME* અને *FISME* એ વિશિષ્ટ અને મુખ્ય પહેલુઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે એકસાથે આવી રહ્યા છે, જે એમએસએમઇના વિકાસમાં અવરોધ છે. આ સાથે અમે *FISME*ની સાથે કામ કરવા માટે ઉત્સાહિત છીએ.

આ અંગે વધુ વાત કરતા ફેડરેશન ઓફ ઈન્ડિયન માઈક્રો એન્ડ સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસના સેક્રેટરી જનરલ શ્રી અનિલ ભારદ્વાજે કહ્યું કે, "સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસિકો સાથે ભાગીદારી, જોડાણ અને સહયોગની સાથે કામ કરવાનો અમારો વારસો અને જ્ઞાન પાંચ દાયકાથી વધુનો છે. ગ્લોબલ એલાયન્સ ફોર માસ આંત્રપ્રિન્યોરશિપ આખા ભારતમાં એમએસએમઇ સ્કેલ કરવા માટે મજબૂત આધાર પૂરો પાડે છે. પછી ભલે તે ફાઇનાન્સની ઍક્સેસ હોય, વિલંબિત ચૂકવણી હોય, નિયમનકારી સમજણ અને અનુપાલન હોય અથવા એમએસએમઇ આધાર પર નવીનીકરણીય ઉર્જા લાવવાનો હોય અમે આ પહેલોને પ્રોત્સાહન આપવા માટે આ ભાગીદારીમાં વિશ્વાસ રાખીએ છીએ."

લેન્ડસ્કેપ રિપોર્ટ્સ પ્રકાશિત કરવાથી લઈને રિસર્ચ સ્ટડી, પોલિસી પેપર તૈયાર કરવા અને એવા કાર્યક્રમો બનાવવા કે જે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વિસ્તરણ માટે આધાર બનાવવામાં મદદ

કરે છે. આ સાથે પાર્ટનરશિપ ફાઇનાન્સની ઍક્સેસ વધારવા, હાલના બિઝનેસનો ગ્રોથ કરવા તેમજ લોકલ અને નેશનલ મલ્ટી બોડી સ્ટેક હોલ્ડર્સને લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વધુ માહિતી માટે તમે ગ્લોબલ એલાયન્સ ફોર માસ આંત્રપ્રિન્યોરશિપ પર સંપર્ક કરો અથવા અહીની વિઝિટ કરો.